# Telephone Conversation between PM and Prime Minister of Bhutan

April 16, 2020

## વડાપ્રધાન અને ભૂતાનનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 16, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કિંગ્ડમ ઑફ ભૂતાનનાં વડાપ્રધાન (લાયોન્છેન) મહામહિમ ડૉ. લોટેય ત્સેરિંગ સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 સંદર્ભમાં પ્રાંતિય પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી અને તેની અસરો નિયંત્રિત કરવા માટે તેઓની સરકારો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ અંગે એકબીજાને માહિતગાર કર્યા હતા.

વડાપ્રધાને રજવાડામાં ચેપનાં ફેલાવાને મર્યાદિત કરવા મહામહિમ ભૂતાનનાં રાજા અને લાયોન્છેન ડૉ. ત્સેરિંગને મોરચે રહીને આગેવાની કરવા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી.

લાયોન્છેન ડૉ. ત્સેરિંગે ભારત જેવા એક વિશાળ અને જટિલ દેશમાં આ મહામારી સામે લડવાની સાથે પ્રાંતિય સ્તર પર એન્ટિ-કોવિડ સંકલનનો પ્રચાર કરવા આગેવાની લેવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

સાર્ક દેશોનાં નેતાઓ વચ્ચે 15 માર્ચ નાં રોજ સંમત થયેલી ખાસ વ્યવસ્થાઓનાં અમલીકરણમાં થયેલી પ્રગતિ પર બન્ને નેતાઓએ ખુશી વ્યક્ત કરી હતી.

વડાપ્રધાને ભારત-ભૂતાન જોડાણોનાં સમયાતિત અને  ખાસ સ્વભાવને સંદર્ભિત કર્યો હતો અને લાયોન્છેનને ખાતરી આપી હતી કે આ મહામારીની આરોગ્ય અને અર્થતંત્ર પરની અસરો ન્યૂનત્તમ કરવા માટે ભારત ભૂતાનને તમામ સંભવિત સહાયતા સુનિશ્ચિત કરશે.

વડાપ્રધાને મહામહિમ રાજા, લાયોન્છેન ડૉ. ત્સેરિંગ અને ડ્રુક યુલનાં તમામ મૈત્રીપૂર્ણ લોકોનાં સારા આરોગ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 16, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.